આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- ચૈતાલી જોષી

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારખ:-21-03-2024 સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

## એસબીઆઈ– સર્વોચ્ચ અદાલત

સર્વોચ્ચ અદાલતના આદેશ બાદ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા આજે ઈલેક્ટોરલ બોન્ડની યુનિક ID અને સીરીયલ નંબર જાહેર કરશે. સર્વોચ્ચ અદાલતે છેલ્લી સુનાવણીમાં SBIને 21 માર્ચ સુધીમાં બોન્ડના યુનિક નંબર સહિતની દરેક માહિતી પ્રદાન કરવાનો નિર્દેશ કર્યો હતો. યુનિક નંબરનો ખુલાસો થયા બાદ ચૂંટણી બોન્ડ આપનાર અને તેણે મેળવનાર રાજકીય પક્ષ વચ્ચેના સંબંધનો ખુલાસો થશે.

**RNU અમદાવાદ**

---

## રિઝર્વ બેંક -31 માર્ચ

રિઝર્વ બેંકે તમામ બેંકોને 31મી માર્ચ, રવિવારે સરકારી વ્યવસાય સાથે વ્યવહાર કરતી તેમની તમામ શાખાઓ ખુલ્લી રાખવાની સલાહ આપી.

જેથી વર્તમાન નાણાકીય વર્ષમાં જ રસીદો અને ચૂકવણીઓ સંબંધિત તમામ સરકારી વ્યવહારોનો હિસાબ મળી શકે. આરબીઆઈએ વધુમાં બેંકોને આ દિવસે બેંકિંગ સેવાઓની ઉપલબ્ધતા વિશે યોગ્ય પ્રચાર કરવા પણ જણાવ્યું છે.

**RNU અમદાવાદ**

---

## ડી.વાય. ચંદ્રચુડ- હેલ્પ ડેસ્ક

મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડે આજે સર્વોચ્ચ અદાલતના પરિસરમાં એક્સેસિબિલિટી હેલ્પ ડેસ્કનું ઉદ્ઘાટન કર્યું.

આ પ્રસંગે મુખ્ય ન્યાયધિશે રચાયેલી સમિતિને અલગ - અલગ રીતે વિકલાંગ જ નહીં પરંતુ વરિષ્ઠ નાગરિકો, સગર્ભા સ્ત્રીઓ અને એવા તમામ લોકો જેમને વિશેષ સહાયની જરૂર હોય તેમના માટે સર્વોચ્ચ અદાલતને સુલભ બનાવવા માટે વિવિધ સૂચનો કર્યા હતા.

**RNU અમદાવાદ**

---

## જિલ્લા કલેકટર જાહેરનામું

લોકસભા સામાન્ય ચૂંટણીને અનુસંધાને જિલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી અમીત અરોરા દ્વારા કેટલાક પ્રતિબંધાત્મક આદેશ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં મતદાનના દિવસે મતદાન મથકમાં મતદારો, મતદાન અધિકારી, ઉમેદવાર અને ભારતના ચૂંટણીપંચ દ્વારા અધિકૃત કરવામાં આવેલ વ્યક્તિઓ સિવાયના અનધિકૃત વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ કરવામાં આવ્યો છે.

ઉપરાંત મતદાનના દિવસે મતદારોને મતદાન મથકે લાવવા, પરત લઈ જવાની ગેરકાયદેસરની સગવડ આપી મતદારની ઉપર અનધિકૃત દબાણ, પ્રલોભન આપવા ઉપર તથા મતદાનના દિવસે ઉમેદવારો તથા એજન્ટ દ્વારા વાપરવામાં આવતા વાહનો ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે.

ચૂંટણીપંચ દ્વારા ઉમેદવારી પત્રક ભરતી વખતે કચેરીમાં માત્ર પાંચ વ્યક્તિઓ જ હાજર રહી શકશે તેવું જાહેરનામામાં જણાવ્યું છે. સુચિત જાહેરનામાના ભંગ બદલ શિક્ષાત્મક કાર્યવાહી કરાશે.

**સી.વી. જોષી (મા.ખા)**

---

## હોળી ધુળેટી

હોળીનો તહેવાર નજીક આવી રહ્યો છે. ત્યારે છાણાના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. 70 રૂપિયામાં 100 નંગ મળતા છાણાના હાલ વધીને 200 રૂપિયા થઈ ગયા છે. હવે છાણા ઘડનારા ઘટી ગયા અને ગેસના ચૂલા વધી જતા છાણા મળવા મુશ્કેલ બન્યા છે. તો બીજીતરફ ધુળેટીના પર્વને ઉજવવા માટે રંગોના ઉત્સવ પહેલા જ મોટા પ્રમાણમાં કલર, પીચકારી સહિતનું વેચાણ શરૂ થઈ ગયું છે. તબીબો દ્વારા ચામડીને નુકશાન થાય તેવા કલરનો ઉપયોગ ન કરવાનો અનુરોધ કરવામાં આવ્યો છે. જિલ્લાના ઘણા જુદા જુદા વિસ્તારોમાં દુકાનદારો સ્ટોલ નાખીને ધાણી, ખજુર, પતાસાના હારડાનું વેચાણ કરી રહ્યા છે.

**સી.વી. જોષી(N.P)**

---

## હવામાન

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ રાજ્યમાં માર્ચના અંતથી જ કાળઝાળ ગરમી પડવાની શક્યતા છે. તેમજ કચ્છ, સૌરાષ્ટ્રના પોરબંદર અને ગીર સોમનાથમાં બે દિવસ માટે હીટવેવની પણ આગાહી કરવામાં આવી છે. રાજકોટમાં સૌથી વધુ 39 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં 37 અને ગાંધીનગરમાં 36.8 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામશ્રય યાદવે જણાવ્યું કે, પવનની દિશા બદલતા હિટ વેવની અસર રહેશે, અને આગામી 5 દિવસ સુધી રાજ્યમાં ગરમીથી કોઈ રાહત નહીં મળે.

**RNU અમદાવાદ**

---

## વિશ્વ હવામાન દિવસ

વિશ્વ હવામાન દિવસના ઉપલક્ષમાં ભુજનું ડોપ્લર રડાર 22મી માર્ચના દિવસે સામાન્ય નાગરિકો નિહાળી શકે તેવી વ્યવસ્થા ગોઠવાઈ છે. જેમાં ભુજના નાગરિકો સવારના 10થી સાંજે 6 વાગ્યા દરમ્યાન આ રડાર નિહાળી શકશે તેવું યાદીમાં જણાવાયું છે.

**NP**

---------------------------------------------------------------------------

## પરીક્ષા કેન્દ્ર મંજૂર

કચ્છ યુનિવર્સિટી દ્વારા કચ્છ મચ્છોયા આહિર સમાજ દ્વારા સંચાલિત ટીએમએસડી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં પરીક્ષા કેન્દ્રની મંજૂરી અપાઈ છે. જેને લીધે વિધાર્થિનીઓમાં આનંદની લાગણી ફેલાઈ હતી. કોલેજમાં વિધાર્થિનીઓને પરીક્ષાના પ્રારંભે કુમકુમ તિલક કરીને શુભેચ્છા અપાઈ હતી. પરીક્ષા કેન્દ્ર મંજૂર કરવા બદલ કચ્છ યુનિવર્સિટી કુલપતિનો ડો. મોહનભાઈ પટેલ, કુલસચિવ સહિતનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

**NP**

---------------------------------------------------------------------------

## જિલ્લા શ્રેષ્ઠા શાળા

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ભુજ દ્વારા જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શાળા તરીકે પસંદ થનાર શાળાની યાદી બહાર પડાઈ છે. જેમાં પ્રથમ સ્થાને ભુજની સ્વામિનારાયણ વિધાલય, બીજા સ્થાને માધાપરની એમ.એસ.વી. હાઈસ્કૂલ અને ત્રીજા સ્થાને અંજાર તાલાના સતાપરની મોડલ સ્કૂલને વિજેતા જાહેર કરાયા છે. અને તેમને પ્રોત્સાહક રૂપિયા 1 લાખના ઈનામની જાહેરાત કરાઈ છે.

જાગૃતિ વકિલ

---------------------------------------------------------------------------